# બલરામ મંદિર થી સીએમ હાઉસ સુધી ખેડુતોની ટ્રેકટર રેલી





ગાંધીનગર, તા.૧૫

વિધાનસભાની ચુંટણીના ભણકારા વાગી રહ્યા છે. ત્યારે પાટનગરમાં પણ વિવિધ સંગઠનો પોતાની માંગણીઓના ઉકેલ મુદ્દે સરકાર સામે બાંયો ચડાવી છે. ત્યારે પંચાયતના આરોગ્ય વિભાગના કર્મચારીઓના ત્રણ પ્રશ્નોનું છેલ્લા ૩૮ દિવસથી નિરાકરણ આવતુ નથી. ત્યારે માજી સૈનિકો પણ ૧૪ મુદ્દાની લડત લઈ ત્રણ દિવસથી સચિવાલય સામે ધામા નાંખ્યા છે.

ત્યારે જગતના તાતે પણ સમાન વીજદર સહિતના પ્રશ્નોને લઈ પાટનગરના માર્ગો પર છેલ્લા ૨૦ દિવસથી અડગ રહી આંદોલન ચલાવી રહ્યા છે. આજે ખેડુતોએ બલરામ મંદિરથી સીએમ હાઉસ સુધી ખેડુતોએ કુચ કરી હતી. જયારે ૪૦૦ થી વધુ ટ્રેકટર, બાઈક લઈ ખેડુતો પોતાના પ્રાણ પ્રશ્નોને વાચા આપવા માટે રેલીમાં જોડાયા હતા.

ખેડુતોના પ્રશ્નોનું આજદિન સુધી નિરાકરણ ન આવતા રેલી કાઢી હતી. જો કે રેલીમાં હજ્જારો ખેડુતો ટ્રેકટર અને બાઈક લઈ જોડાતા પોલીસ પણ ટ્રાફિક વ્યવસ્થા માટે જોડાઈ હતી.જયારે ત્રણ ત્રણ આંદોલન ચાલતા હોવાથી શહેર હાલ પોલીસ છાવણીમાં ફેરવાઈ ગયું છે.જયારે પોલીસ અધિકારી-કર્મચારીઓને રાત-દિવસના ઉજાગરા કરવા પડે તેવી સ્થિતિનું નિર્માણ થયું છે.

## ગૂજરાત વિદ્યાપીઠના શિક્ષણ મહાવિદ્યાલયમાં હિન્દી સપ્તાહ ઉજવણીની પૂર્ણાહૂતિ કરાઈ

ગાંધીનગર, તા. ૧૫

ગૂજરાત હિન્દી-હિન્દુસ્તાની પ્રચાર સમિતિ, હિન્દીભવન, ગૂજરાત વિદ્યાપીઠ અમદાવાદના સંયોજક પ્રા. રમેશભાઈ મ. પટેલ દ્વારા આયોજિત હિન્દી સપ્તાહ ઉજવણીની પૂર્ણાહૂતિ કુલનાયક ડૉ. રાજેન્દ્ર ખીમાણીના અધ્યક્ષસ્થાને અને ડૉ. પ્રા. કોકીલાબહેન નાઈના અતિથિવિશેષ તેમજ મુખ્ય વક્તા સ્થાને કરાઈ હતી. આ સપ્તાહનો મુખ્ય હેતુ હિન્દી ભાષાનો વધુમાં વધુ પ્રચાર-પ્રસાર થાય તે રહ્યો હતો. હિન્દી સપ્તાહ દરમ્યાન વક્તૃત્વ સ્પર્ધાઓ, નિબંધ સ્પર્ધાઓ, પ્રવચનો અને રેલીના માધ્યમો દ્વારા હિન્દી ભાષાનું પ્રભુત્વ બીજી ભાષાઓ કરતાં વિશેષ બને તેમ કરાયુ હતુ. ગૂજરાત વિદ્યાપીઠના શિક્ષણ મહાવિદ્યાલયના આચાર્યા ડૉ. દીપુબા દેવડા અને સમગ્ર સેવક ગણ તેમજ વિદ્યાર્થી ભાઈઓ-બહેનોનો અનોખો સહકાર રહ્યો હતો. કાર્યક્રમનું આભારદર્શન ડૉ. અશોક પરમારે કર્યુ હતુ અને સમગ્ર કાર્યક્રમનું સુચારૂ સભા સંચાલન ડૉ. મહેશ દિક્ષિતે કર્યુ હતુ. કુલ સચિવ ડૉ. નિખિલ ભટ્ટે હિન્દી સપ્તાહ ઉજવણીની સફળતા માટેનો શુભેચ્છા સંદેશો હિન્દી ભવનને પાઠવ્યો હતો.



વરસાદના કારણે શહેરમાં ઠેર ઠેર ભૂવા પડી ગયા છે. ખાડાઓનું યોગ્ય પૂરાણ ન થતાં શહેરમાં ભૂવાઓનું સામ્રાજ્ય જોવા મળી રહ્યુ છે. સેક્ટર-૧૨ ઉમિયામાતાના મંદિર સામે પાર્કિંગ કરવા જતા બે કાર ખાડામાં ફસાઈ ગઈ હતી. મહા મહેનતે તેને બહાર કાઢવામાં આવી હતી.

## આર્ટ ઓફ હેલ્ધી લિવિંગ વિષય પર વ્યાખ્યાન યોજાયુ



ગાંધીનગર,તા.૧૫

રોટરી કબલ ગાંધીનગર દ્વારા તાજેતરમાં આર્ટ ઓફ હેલ્ધી લિવિંગ વિષય પર જાહેર વ્યાખ્યાનુનું આયોજન કરવામાં આવ્યું હતુ. જાણીતા મોટીવેશનલ સ્પીકર નટુભઆઈ પટેલ દ્વારા ખૂબ જ રસપ્રદ અને ઉપયોગી હેલ્થ વિષયક માહિતી આપી હતી. વ્યાખ્યાન માં વાત,પિત્તી અને કફ પ્રકૃતિ ધરાવતા રોગીઓ ના લક્ષણો અને તેને દૂર કરવાના ઉપાયોની ખૂબ સરળ સમજૂતી આપી હતી. ક્લબના સભ્યો, પરિવાર જનો દ્વારા ડૉ. જગદીશ અને સેક્રેટરી ડૉ. પારસ ઉચાટ દ્વારા વકતાક્ષી અને લાભાર્થીઓ નો આભાર વ્યક્ત કર્યો હતો.

## આજે અભિનેતા યશ સોની કેએસવીના સંગત-૨૦૨૨નો શુભારંભ કરાવશે

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગરની કડી સર્વ વિશ્વવિદ્યાલયના યુવક મહોત્સવ "સંગત-૨૦૨૨"નું તા. ૧૬ અને ૧૭ સપ્ટેમ્બર દરમ્યાન આયોજન કરવામાં આવ્યું છે જેનો આવતીકાલે સવારે ૧૦ કલાકે સે.૨૩માં નાથીબા કોલેજ કેમ્પસમાં ખિમજી વિશરામ હોલ ખાતે જાણીતા ગુજરાતી અભિનેતા 'યશ સોની'ની ઉપસ્થિતિમાં શુભારંભ કાર્યક્રમ યોજાશે. અત્રે ઉલ્લેખનીય છે કે આ જ સ્થળે સંગત-૨૦૨૨નો સમાપન કાર્યક્રમ તા.૧૭મી સપ્ટેમ્બરે સાંજે ૪ કલાકે યોજાશે.

કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન એમ.એમ.પટેલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ સાયન્સ એન્ડ રીસર્ચ કોલેજના યજમાન પદે યોજાઈ રહેલા સંગત-૨૦૨૨માં યુવા વિદ્યાર્થીઓની અભ્યાસેતર પ્રતિભાને બહાર લાવે તેવી અનેકવિધ સ્પર્ધાઓના આયોજન કરવામાં આવ્યાં છે જેમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ભાગ લઈ રહ્યાં છે. આ મહોત્સવનું સંચાલન અને વ્યવસ્થા પણ મોટે ભાગે વિદ્યાર્થીઓ જ સંભાળી રહ્યાં છે. સંગત-૨૦૨૨ના ઉદઘાટન સમારોહમાં કેએસવીના ઈન્ચાર્જ ડાયરેક્ટર ડો. ગાર્ગી રાજપરા અને પ્રેસિડેન્ટ વલ્લભભાઈ પટેલ પણ ઉપસ્થિત રહેશે.

# આઈજીએનસીએમાં સલાહકાર તરીકે ડો.મયુર જોષીની નિમણુંક

ગાંધીનગરમાં સામાજિક ક્ષેત્રે છેલ્લા ૨૪ વર્ષથી કાર્ય કરતી સંસ્થા ઉદગમ ચેરીટેબલ ટ્રસ્ટના મેનેજીગ ટ્રસ્ટી ડો. મયુર જોષીની ભારત સરકારના સાંસ્કૃતિક મંત્રાલયની સ્વાયત્ત સંસ્થા ઈન્દિરા ગાંધી નેશનલ સેન્ટર ફોર આર્ટસ (IGNCA)ના પ્રાદેશિક કેન્દ્ર વડોદરાની સલાહકાર સમિતિના સભ્ય તરીકે નિમણૂંક કરવામાં આવી છે. IGNCA પ્રાદેશિક કેન્દ્રમાં ચાર રાજયો ગુજરાત, મહારાષ્ટ્ર રાજસ્થાન અને મધ્ય પ્રદેશનો સમાવેશ થાય છે. ભારત સરકારના સાંસ્કૃતિક મંત્રાલયની સ્વાયત્ત સંસ્થા ઈન્દિરા ગાંધી નેશનલ સેન્ટર ફોર ધ આર્ટસ (IGNCA) દ્વારા ભારતીય કલા અને સંસ્કૃતિના



વિવિધ કડીઓને આવરી લેવાની અને જાળવવાની જરૂરિયાતને ઓળખીને લેખિત, મૌખિક અને વિઝ્યુઅલ ક્ષેત્રના મુખ્ય સંસાધન કેન્દ્ર તરીકે કાર્ય કરવાનો પ્રયાસ કરવામાં આવે છે. વિઝ્યુઅલ આર્ટ્સ, આર્કિટેકચર, શિલ્પ, પેઈન્ટિંગ અને ગ્રાફિક્સથી લઈને સામાન્ય સામગ્રી સંસ્કૃતિ, ફોટોગ્રાફી અને ફિલ્મ સુધીની; સંગીત, નૃત્ય અને થિયેટરની પર્ફોર્મિંગ આર્ટ્સ અને મેળાઓ, તહેવારો અને જીવનશૈલીમાં જે કલાત્મક પરિમાણ ધરાવે છે તેને સંશોધન, પ્રકાશન, તાલીમ, સર્જનાત્મક પ્રવૃત્તિઓ અને પ્રદર્શનના વિવિધ કાર્યક્રમો IGNCA દ્વારા કરવામાં આવે છે.



નવા સચિવાલયના પાર્કિંગમાં ગટરો ઉભરાઈ રહી છે. ગટરનું ગંદુ અને અત્યંત દુર્ગંધ મારતુ પાણી ઉભરાઈને પાર્કિંગમાં ફેલાઈ રહ્યુ છે. ગાડીઓ પાર્ક કરવા આવતા કર્મચારીઓને નાકે રૂમાલ બાંધવો પડે એવી સ્થિતિ સર્જાઈ છે.




મહાન ચિંતક સોક્રેટીસે ભલે કહ્યું કે "નામમાં શું રાખ્યું છે?" પરંતુ આજકાલ રાજકારણમાં નામની મનોકામના વધતી જતી દેખાય છે અને 'નામ'ની આ હોડમાં ક્યારેક એવું પણ થઈ જાય છે કે જેના કારણે કોઈકનું કરેલું કામ કોઈકના નામે ચઢી જાય છે. કોરોના મહામારીના કપરાં કાળમાં ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા તત્કાલીન મેયર રીટાબેન પટેલની ગ્રાન્ટમાંથી શહેરને એક 'આરોગ્ય રથ' વાન શરૂ કરવામાં આવી હતી જેના પર તેમના ફોટા-નામ સાથે લખાણ લખેલું હતું. આ આરોગ્ય રથ પર હવે નવા બેનર લાગી ગયાં છે જેમાં હાલના મેયર હિતેશ મકવાણાના ફોટા-નામ સાથેના બેનર જોવા મળી રહ્યાં છે જેના કારણે સત્તા પક્ષમાં જ કાનાફુસી શરૂ થઈ ગઈ છે. અત્રે ઉલ્લેખનીય છે કે શહેરમાં ઠેર ઠેર મુકાયેલાં બાંકડાઓ પર આજે પણ જે તે વખતેના કોર્પોરેટરોની ગ્રાન્ટમાંથી મુકાયાં હતાં તેમના નામ કોતરાયેલા જોવા મળે છે તો આ આરોગ્ય રથ પર "નામ" બદલવાની જરૂર શું પડી? આ માત્ર કર્મચારીઓ દ્વારા થયેલી 'ભૂલ' છે કે પછી રાજકારણમાં એવું માની લેવાનું કે જેની પાસે 'સત્તા'ની લાઠી, ભેંસ પણ તેની જ હોય...!!

## ગાંધીનગરની અવની મોદી આ ફિલ્મની મુખ્ય હિરોઈન તરીકેના રોલમાં જોવા મળશે




ગાંધીનગર, તા. ૧૫

બૉલીવુડની ફિલ્મ 'મોદી જી કી બેટી' (Modi Ji Ki B'i) નો ફેન્સને બેસબ્રીથી ઈન્તજાર છે. આ ફિલ્મનું મૉશન પૉસ્ટર રિલીઝ થઈ ગયુ છે, અને ફિલ્મ રિલીઝ માટે તૈયાર છે. આ ફિલ્મમાં પિત્તોબાશ ત્રિપાઠી, અવનિ મોદી અને વિક્રમ કોચ્ચર લીડ રૉલમાં દેખાશે. 'મોદી જી કી બેટી' ફિલ્મને એડીસિંહે ડાયરેક્ટ કરી છે.ફિલ્મના મૉશન પૉસ્ટરની વાત કરીએ તો આમાં એક છોકરી બુરખા પહેરીને હાથ જોડેલી દેખાઈ રહી છે. વળી, તેની સામે કેટલીય ચેનલ્સના માઈક રાખવામાં આવેલા દેખાઈ રહ્યાં છે. તે છોકરીની વાત સાંભળવા માટે કેટલાય માઈક દેખાઈ રહ્યાં છે.ફિલ્મના ડાયરેક્ટર એડી સિંહે મૉશન પૉસ્ટર શેર કરતા લખ્યું- ના દેખી ના સાંભળેલી.. આ ઘટના કેવી રીતે ઘટી ? બતાવવા આવી રહી છે મોદી જી કી બેટી. એડીની પૉસ્ટ પર કેટલાય ફેન્સ કૉમેન્ટ કરીને આની પ્રસંશા કરી રહ્યાં છે. 'મોદી જી કી બેટી' ફિલ્મ ફિલ્મ ૧૪ ઓક્ટોબરે સિનેમાઘરોમાં રિલીઝ થશે...

# ગાંધીનગર ઉવારસદની વાવ ખાતે સંગ્રહાલયની કામગીરીનો પ્રારંભ

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગરના ઉવારસદ ખાતેની પૌરાણિક વાવ શૈક્ષણિક હેતુથી ખુલ્લી મુકાઈ અને તે સાથે જ અહીં 'અતુલ્ય વારસો' દ્વારા સ્ટેપવેલ સંગ્રહાલયની કામગીરીનો પ્રારંભ કરવામાં આવ્યો છે.

તાજેતરમાં ગાંધીનગરના સે.૧૫ ખાતેની ગવર્મેન્ટ આર્ટસ કોલેજના ઈતિહાસ વિભાગના વિદ્યાર્થીઓ તેમજ અધ્યાપકો દ્વારા ઉવારસદની વાવની મુલાકાત લેવામાં આવી હતી.



આ પ્રસંગે સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટી અને વાવ સ્થાપત્ય પર સંશોધન કરનાર કપિલ ઠાકર દ્વારા વાવ એટલે શું, વાવના પ્રકાર વિશે, પાણીના સ્થાપત્યો વિશે વિદ્યાર્થીઓને વિસ્તૃત માહિતી આપી હતી. આપણા ગુજરાતમાં વાવ સ્થાપત્ય અને તેની રચના ખૂબ જ વિશેષ જોવા મળે છે. અત્રે ઉલ્લેખનીય છે કે હિસ્ટોરિકલ એન્ડ કલ્ચરલ રિસર્ચ સેન્ટર દ્વારા ઉવારસદ ખાતે વાવને ૩ વર્ષ માટે દત્તક લેવામાં આવી છે અને અહીં આગામી સમયમાં વાવને લગતું મ્યુઝિયમ બનશે, જેમાં વાવ વિશેની પૂરી માહિતી અહીંથી પ્રાપ્ત થઈ શકશે.

# પેન્શનના લાભો નહીં મળે તો બોર્ડ-નિગમો-સરકારી સાહસોના કર્મયોગીઓ ધરણાં કરશે

**છેલ્લાં ૨૦ વર્ષથી રજુઆતો છતાં સરકાર કાને ધરતી નથી : જરૂર પડે નિવૃતો સાથે મળીને ગાંધીનગર-દિલ્હીમાં ધરણાં યોજવા ચિમકી**

ગાંધીનગર, તા.૧૫

ગુજરાત રાજયના વિકાસનો આધારસ્તંભ એવા રાજ્ય સરકારના મોટા ભાગના બોર્ડ-નિગમો અને સરકારી સાહસોના કર્મયોગીઓ સરકારના કર્મયોગીઓની જેમ ભરતી પ્રક્રિયા દ્વારા નિમણુંક પામી હોદ્દા અને પગારધોરણ મેળવી રહેલા તેમ છતાં તેમની સાથે ઓરમાયા દિકરાની જેમ વર્તન થઈ ગયું હોવાનું અનુભવી રહ્યાં છે. આ કર્મયોગીઓને સરકારી કર્મચારી તરીકે ગણવામાં આવતા નથી તેમજ નિવૃત્તિ બાદ તેમના ભરણપોષણ માટે પેન્શન ચુકવણાં સંબંધી કોઈ વ્યવસ્થા નથી જેના કારણે તેમને નિવૃત્તિ બાદ દિનપ્રતિદિન મોંઘવારીની પરિસ્થિતિમાં ખૂબ જ નહિવત વ્યાજદરો હોવાને પરિણામે તેમનું જીવન નિર્વાહ કરવો મુશ્કેલ બની રહ્યું છે તેવું જણાવતા ગુજરાત રાજ્ય બોર્ડ-નિગમ અને સરકારી સાહસોના કર્મચારી મંડળ દ્વારા તેમના પેન્શનના લાભો અંગેની માંગણી મંજુર કરવા છેલ્લાં ૨૦ વર્ષથી રજુઆતો કરી રહ્યા છે તેમ છતાં સરકાર તેમની કોઈ વાત ધ્યાને લેતી નથી અને પરિણાત્મક ઉકેલ આવતો નથી તેવો આક્ષેપ કરવામાં આવ્યો છે. આ સાથે જો ઉકેલ નહીં આવે તો બોર્ડ-નિગમ અને સરકારી સાહસોના કર્મયોગીઓને નાછુટકે આંદોલનાત્મક કાર્ય કરવાની ફરજ પડશે જેથી ગાંધીનગર અને દિલ્હીમાં જંતર મંતર ખાતે સૂત્રોચ્ચાર તેમજ ધરણાનો કાર્યક્રમ કરવાની સિનિયર સિટિઝનો પગની કર્મયોગીઓને ફરજ પડશે તેવી ચિમકી મહામંડળ દ્વારા ઉચ્ચારવામાં આવી છે.

## સાયન્સ સિટી ખાતે આદિવાસી શાળાઓના બાળકો માટે પ્રકૃતિ શિક્ષણ શિબિરનું આયોજન

ગાંધીનગર, તા.૧૫

ગુજકોસ્ટ વિજ્ઞાન પ્રસારના સહયોગથી ગુજરાત સાયન્સ સિટી, અમદાવાદ ખાતે આગામી તા.૧૫થી ૧૮ સપ્ટેમ્બર દરમિયાન ગુજરાતની આદિજાતિ શાળાઓના શાળાના વિદ્યાર્થીઓ માટે ચાર દિવસીય નિવાસી પ્રકૃતિ શિક્ષણ શિબિરનું આયોજન કરી રહ્યું છે. વર્કશોપમાં ઈન્ટરેક્ટિવ સત્રો, સ્ટેમ અને રોબોટિક્સ પર હાથથી પ્રદર્શન, હાઈડ્રોપોનિક્સ, પ્રોજેક્ટ વર્ક અને ટકાઉ વિકાસ લક્ષ્યો પર જાગૃતિ સત્રો અને પ્રકૃતિ અને વારસાની મુલાકાતનો સમાવેશ કરાયો છે. આ નેચર કેમ્પમાં રાજ્યમાંથી અરવલ્લી, સાબરકાંઠા, બનાસકાંઠા, મહીસાગર, પંચમહાલ, દાહોદ, નર્મદા, ભરૂચ, સુરત, તાપી, વલસાડ, ડાંગ, છોટા ઉદેપુર, નવસારી, વડોદરા, ગીર સોમનાથ જિલ્લાની ૨૦ આદિવાસી શાળાઓના ૧૦૦ વિદ્યાર્થીઓ જેમાં ૫૧ છોકરાઓ અને ૪૯ છોકરીઓ સામેલ છે તેઓ ભાગ લેશે. આ કાર્યક્રમમાં મોડલ સ્કૂલ, એકલવ્ય મોડલ રેસિડેન્શિયલ સ્કૂલ અને ગર્લ્સ રેસિડેન્શિયલ સ્કૂલ સહિતની આદિજાતિ સ્કૂલો ભાગ લઈ રહી છે. આ કાર્યક્રમમાં ઉદ્ઘાટન સત્રમાં વિજ્ઞાન પ્રસારના નિયામક ડો. નકુલ પરાશર અને આદિજાતિ વિભાગના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર જી એસ પરમાર ઉપસ્થિત રહેશે. ઈન્ટરેક્ટિવ સેશનમાં પટનાના નેચર એજ્યુકેશન સેન્ટરના જાવેદ આલમ, નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ડિઝાઈનના ડૉ. રોહિત સ્વરૂપ, ગુજરાત યુનિવર્સિટીના અમિત માથુર ઉપરાંત ગુજકોસ્ટના એડવાઈઝર ડૉ. નરોત્તમ સાહુ સહિત ડો. પૂનમ ભાર્ગવ અને પવિત્ર સાહા સાયન્સ સિટીના નેચર પાર્કમાં ક્ષેત્રીય પ્રવૃત્તિઓ સાથે અને અમદાવાદમાં એક વિશિષ્ટ પ્રકૃતિ અને હેરિટેજ પ્રવાસ કરાવશે. આ કાર્યક્રમ સ્ટેમ શિક્ષણ, આનંદકારક શિક્ષણ, ટકાઉ વિકાસના લક્ષ્યો, હેરિટેજ અને પ્રકૃતિ, રોબોટિક્સનો સંપર્ક અને વિજ્ઞાન કેન્દ્રની મુલાકાતનું અનોખું મિશ્રણ છે.

## શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજ રાજયકક્ષા ગુણાનુવાદ સભા

શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજ રાજયકક્ષા દ્વારા દ્વારકા શારદા પીઠના પ. પૂ. બ્રહ્મલીન જગતગુરૂ શંકાચાર્યે સ્વામી સ્વરૂપાનંદ સરસ્વતી મહારાજની ગુણાનુવાદ સભા સમાજના પ્રમુખ ભરતભાઈ રાવલના અધ્યક્ષસ્થાને સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજ રાજયકક્ષા ગાંધીનગર શહેર/જિલ્લાના પ્રમુખ અને પ્રજાપિતા બ્રહ્મા કુમારીસ ઈશ્વરીય વિશ્વા વિદ્યાલય રાંદેસણના યજમાન પદે નીચે મુજબના સ્થળે અને સમયે રાખવામાં આવેલ છે.તો ભગવાન દ્વારકાધીશ સ્વર્ગસ્થના દિવ્ય આત્માને શ્રી ચરણોમાં સ્થાન આપે એ અર્થે સર્વે ભૂદેવોને પ્રાર્થના સભામાં ઉપસ્થિત રહેવા વિનંતી કરવામાં આવે છે.

તા. ૧૯/૦૯/૨૦૨૨ ને સોમવાર

સ્થળ:- " બાબા ભવન " પ્લોટ નં ૮૫/૮૬, ઉર્જાનગર -૧ સીટી પ્લસ ની બાજુમાં , રાંદેસણ, ગાંધીનગર.

સમય :- સાંજે ૫.૦૦ થી ૭.૦૦

શ્રી ડૉ અશ્વિનભાઈ ત્રિવેદી (એડવોકેટ) મુખ્ય સંગઠક.શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજ રાજયકક્ષા

શ્રી સુનિલભાઈ ત્રિવેદી પ્રમુખશ્રી ગાંધીનગર શહેર/જિલ્લા. શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજ રાજયકક્ષા

શ્રી બી.કે.રાજન. પ્રજાપિતા બ્રહ્મા કુમારીસ ઈશ્વરીય વિશ્વા વિદ્યાલય રાંદેસણ

## વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિવસ નિમિત્તે સમગ્ર ભારતમાં યુવા મોરચા દ્વારા રક્તદાન કેમ્પ યોજાશે

ગાંધીનગર, તા. ૧૫

ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ મીડિયા વિભાગ એક અખબારી યાદીમાં જણાવે છે કે આજરોજ ગાંધીનગર પ્રદેશ કાર્યાલય શ્રી કમલમ્ ખાતે પ્રદેશ યુવા મોરચાના પ્રમુખ ડૉ. પ્રશાંત કોરાટે પત્રકાર પરિષદ યોજી મોરચાના આગામી કાર્યક્રમ અંગે માહિતી આપી હતી.

આ પત્રકાર પરિષદમાં ડૉ. પ્રશાંત કોરાટે જણાવ્યું કે ગુજરાતના પનોતા પુત્ર અને દેશના યશસ્વી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનો ૧૭ સપ્ટેમ્બરના રોજ જન્મદિવસ છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દેશને આત્મનિર્ભર, એક ભારત શ્રેષ્ઠ ભારત, મેક ઈન ઈન્ડિયા, લોકલ ફોર વોકલ, એમ.એસ.એમ.ઈ. સ્ટાર્ટઅપ જેવી યોજનાઓ થકી દેશને મહાસત્તા બનાવવા માટે નવી દિશા આપી છે ત્યારે રાષ્ટ્રીય યુવા મોરચા દ્વારા સેવા હી સંગઠનના માધ્યમ થકી આગામી કાર્યક્રમો



યોજાશે જેમાં ૧૭ સપ્ટેમ્બરથી ૨ ઓક્ટોબર એમ ૧૫ દિવસના સમય દરમિયાન ભારતીય જનતા યુવા મોરચા અંતર્ગત વિવિધ સેવાકીય કાર્યોનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ૧૭ સપ્ટેમ્બરના રોજ રક્તદાન કેમ્પનું આયોજન સમગ્ર દેશભરમાં યોજાનાર છે. તા. ૨૫ સપ્ટેમ્બર પંડિત દિન દયાળ ઉપાધ્યાયજીના જન્મજયંતિ નિમિત્તે રાષ્ટ્રીય યુવા મોરચાએ સમગ્ર દેશમાં વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કર્યુ છે. તેમજ ૨૫ તારીખે ગુજરાત પ્રદેશ યુવા મોરચા દ્વારા રન ફોર ડેવલપમેન્ટનું આયોજન કરવામાં આવ્યું છે.